૪૯૨૦

અઓગમદએચા

અથવા

મોહોત વિષે વચન તથા બંદગી

પાઝંદ ભાષામાં ગુજરાતી તરજુમા સાથે.

(સર જમશેદજી ત્રાનસ્લેશન ફંડના આશ્રા હેઠલ)

મુંબઈ:

એજ્યુકેશન સોસાયટી સ્ટીમ પ્રેસમાં છાપી પ્રગટ કર્યુંછે.

૪૯૨૦

[illegible]

અઓગેમદએચા

અથવા

મોહોત વિષે વચન તથા બંદગી

પાઝંદ ભાષામાં ગુજરાતી તરજુમા સાથે.

(સર જમશેદજી ત્રાનસ્લેશન ફંડના આશ્રા હેઠળ)

[illegible]

મુંબઈ:

એજ્યુકેશન સોસાયટી સ્ટીમ પ્રેસમાં છાપી પ્રગટ કર્યું છે.

દિબાચો.

પારસીઓનાં જે ધર્મપુસ્તકો હજી સુધી છપાયા વગરનાં રહી ગયાંછે, તેઓમાંનું એક અગતનું અઓગેમદએચાને નામે ઓળખાયછે. પાઝંદ યાને પુરાતન ફારસિં જુબાનમાં તે રચાયલુંછે, અને મોહોત વિષે એક અસરકારક વઅજ તથા બોધ કરેલો તેમાં જોવામાં આવેછે. માણસ જ્યારે દુનિયામાં અવતર્યું, અને તેણે અહીં જનમ લેવાનું પસંદ કર્યું ત્યારે દુનિયામાં જે કાંઈ મુશકેલીઓ તેને નડે, જે કાંઈ આફતો તેને ખમવી પડે, તે માટે સબુરી પકડી તે દુર કરવાના જે કાંઈ નેક ઉપાય હોય તે કામે લગાડવાની તેની ફરજ છે. મોહોત ક્યારે આવીને ઉભું રહેશે તે માટે કોઈપણ ખાતરી ધરાવતું નથી, અને તેથી કોઈએ પણ સુસ્તીમાં વખત નહીં ગાળતાં પોતાનો વખત નેકીનાં કામોમાંજ ગુજારવો, અને તે રીતે મોહોત આવીને ઉભું રહે તે વખતે કશી પણ આંચકી વગર આ ફાની દુનિયામાંથી કુચ કરી જવા માટે પોતાનાં રવાનને તૈયાર કરી રાખવું, એવો બોધ આ પુસ્તકમાં કરવામાં આવ્યોછે. મોહોતે કોઈને છોડયા નથી, અને કોઈને તે છોડવાનું નથી, તેના ટેકામાં પાદશાહ ગયોમર્દ, હોશંગ, તહમુરસ, જમશેદ, ફરેદુન તથા ઝોહાકના દાખલા આપવામાં આવ્યાછે, અને તેમાં બતાવવામાં આવ્યુંછે કે મોહોતને દુર રાખવા જેવા ઇલાજ જો કોઈએ પણ ધરાવ્યા હોય તો તે આ પાદશાહો હતા; પણ તેમની અજલ આવી ત્યારે તેમના આ ઇલાજ પણ બાજુ રહી ગયા, અને આખરે મોહોતને શરણ જવાની ફરજ તેમને પડી હતી. રસ્તાખેજ થવા સુધી કોઈપણ માણસ મર્યા વગર રહેવાનું નથી, અને આ ફાની જેહાન છોડી જતી વખતે પોતાની સઘળું સર્વસ્વ—કુટુંબ પરી-

વાર, દોલત તથા માલમીલકત પોતાની પાછળ દરેકને મેલી જવું પડશે; તે સઘળું તો ખાક થઈ જવાનું પણ તેણે આ દુનિયામાં કરેલાં નેક યા બદ કામોજ તેની સાથે મિનોઈ જેહાનમાં જવાનાં અને તે કામોનાં પ્રમાણમાં તેને ઈનામ કે સજા મળવાની. અશો માણસના રવાનને માટે જણાવવામાં આવેછે, કે મિનોઈ જેહાનમાં તે ગયા પછી તેને કદી પણ કરમાઈ કે બગડી નહીં જાય એવા ઉંચા પ્રકારનો ખોરાક, કસબી પોશાક તથા બેસવા માટે સોનેરી તખ્ત મળેછે, અને જેમ એક મેઢું વરૂનાં ટોળાનો દુરથી સુંઘાડ આવતાંજ હેબત ખાઈ મરણ પામેછે, તેમ તે અશો રવાનના પમરાતથી દેવો તથા દર્વંદો કાંપવા તથા ધુજવા માંડેછે.

અઓગેમદએચાની કેતાબનો આ સારાંશ છે અને તે દરેક જરથોસ્તીએ પોતાની પાસે રાખવા તથા તેનો અભ્યાસ પોતે કરવા તથા પોતાનાં બચ્ચાંઓને કરાવવા યોગ્ય છે, અને પ્રગટ કરનાર આશા રાખેછે કે જરથોસ્તી કોમ તરફથી આ પુસ્તકને સારો આશ્રો મળશે. વળી એજ વખતે **સર જમશેદજી જીજીભાઈ ટ્રાન્સલેશન ફંડ**ના ત્રસટી સાહેબો તરફથી આ પુસ્તક છપાવવા માટે મળેલી મદદ માટે તેમનો ઉપકાર માનવાની રજા તે લેછે.

તરજુમો કરવામાં તથા અસલ પાઝંદ ઈબારત રચવામાં મુખ્ય મદદ એર્લાનગનની નામીચી જર્મન પાઠશાળાના શિક્ષાગુરૂ **ડાકટર વિલ્હેમ** ગાઈગરે જર્મન ભાષામાં પ્રગટ કરેલા અઓગેમદએચાના પુસ્તક ઉપરથી કર્ત્તાને મળીછે અને તે માટે તેનો પણ ઉપકાર માનવાની આ તક તે લેછે.

દા.

મુંબઈ, નવેમ્બર ૧૮૯૧.

[illegible]

(1.) [illegible] (2.) [illegible] (3.) [illegible]

(4.) [illegible] (5.) [illegible] (6.) [illegible] (7.) [illegible]

(8.) [illegible]

[illegible]
[illegible] (9.) [illegible]
[illegible]
[illegible] (10.) [illegible]
[illegible] (11.) [illegible]
[illegible] (12.) [illegible]
[illegible]
[illegible] (13.) [illegible]
[illegible] (14.) [illegible]
[illegible]
[illegible]
[illegible] (15.) [illegible]
[illegible]
[illegible] (16.) [illegible]
[illegible]
[illegible] (17.) [illegible]
[illegible]
[illegible]

[illegible] (18.) [illegible]
[illegible]
(19.) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

(20.) [illegible]
[illegible]
[illegible]
[illegible] (21.) [illegible]
[illegible]
[illegible]
(22.) [illegible]
[illegible] (23.) [illegible]
[illegible]
[illegible] (24.) [illegible]
[illegible]

[illegible]

(२४.) [illegible]

(२५.) [illegible]

(२६.) [illegible]

(२७.) [illegible]

[illegible]

[illegible] (૪૧.) [illegible]

[illegible] (૪૨.) [illegible]

[illegible] (૪૩.) [illegible]

[illegible] (૪૪.) [illegible]

[illegible] (૪૫.) [illegible]

[illegible] (૪૬.) [illegible]

[illegible] (૪૭.) [illegible]

(૪૮.) [illegible]

[illegible] (૪૯) [illegible]

[illegible] (40.) [illegible]

(41) [illegible]

(42.) [illegible]

(43.) [illegible]

(44.) [illegible]

(५५) [illegible]

(५६.) [illegible]

(५७.) [illegible] (५८.) [illegible] (५९.) [illegible] (६०.) [illegible]

[illegible] (૪૧.) [illegible]

(૪૨) [illegible]

(૪૩.) [illegible]

(૪૪.) [illegible]

(૪૫.) [illegible]

(૪૬.) [illegible]

(૪૭.) [illegible]

(૪૮.) [illegible]

(૪૯.) [illegible]

(٧٠.) [illegible]

[illegible] (٧١.) [illegible]

(٧٢.) [illegible] (٧٣.) [illegible]

[illegible] (٧٤.) [illegible]

[illegible] (٧٥.) [illegible]

[illegible] (٧٦.) [illegible]

[illegible] (٧٧.) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] (٧٨.) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] (७९.) [illegible]

[illegible] (८०.) [illegible]

[illegible] (८१.) [illegible]

[illegible] (८२.) [illegible]

[illegible] (८३.) [illegible]

[illegible] (८४.) [illegible]

(८५.) [illegible] (८६.) [illegible] (८७.) [illegible]

(९७.) [illegible]

(९८.) [illegible]

(९९.) [illegible]

(१००.) [illegible] (१०१.) [illegible]

(१०२.) [illegible]

❁ ❁ ❁

(१०३.) [illegible]

(१०४.) [illegible]

(१०५.) [illegible]

(१०६.) [illegible]

(१०७.) [illegible] (१०८)

[illegible] (१०९.) [illegible]

[illegible]

(११०.) [illegible]

(१११.) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તરજુમો.

(૧) (અહીં દુનિયામાં) આપણે આવ્યે છિયે (એટલે આપણી ફરજ છે કે દુનિયાના સુખદુઃખ) આપણે અંગીકાર કર્યે અને તેને શરણ થઇએ. (દુનિયામાં) હું આવુંછું (આવ્યોછું એટલે તેમાંની મારી સ્થિતીને) હું શરણ થાવુંછું અને તેમાં સંતોશ માનુંછું. (૨) દુનિયામાં હું આવુંછું (આવ્યોછું એટલે તેમાં મારા ઉપર જેબી) આપત (આવે તે) ને હું શરણ થાવુંછું અને મોહોતમાં હું સંતોશ માનુંછું. (૩) (જે ધણી) મનનો ખુશહાલ (છે તે) બેહેશ્તી રવાનવાળો (છે યાને તેનું રવાન બેહેશ્તનો હમબેહેરો મેળવવાને લાયકનું છે). તે તન (માણસ ખરો) ખુશહાલ (છે કે) જેણે પોતાનાં રવાનને (મિનોઈ જેહાનનું તેડું આવતાં કાંઇપણ આંચકો વગર કુચ કરી જવા માટે) તેયાર કર્યુંછે.

(૪-૫) લ્યાનત તથા મર્કિથી ભરેલો ગનામિનો, જે તે અમર્ગ રવાન (આત્મા) ને ધરાવનાર શરિરનો નાશ કરે છે તે, મારેલો, તુટેલો અને નાશ પામેલો, થાય! (૬) અને તે અમર્ગ રવાનને બેહેશ્તનો હમબેહેરો પોહોંચે! (૭) અને રામશની તથા આસાની તમને આવકાર દેતી વેહેલી પોહોંચે જેથી (તમારાં) તે અમર્ગ રવાનના દુઃખનું સારૂં શેવટ આવી જાય.

(૮) ગુજરેલાંના તે અમર્ગ રવાનને (એસ્તેકબાલ લેવા) અશો તથા ચાલાક સરોશ, રાસ્ત રશ્નુ, ભલો વાયુ (ગોવાદ યઝદ), ફત્તેહમંદ આસ્તાદ યઝદ, ખોહલાં બેતરો ધરાવનાર મેહેર, અશો ફરોહરો તથા બીજા મિનોઓ ત્રિજા દિવસ પછીની બામદાદે (યાને ચોથી બામદાદે) હમેશ આવેછે, (૯) અને ગુજરેલાંના તે ઓરેહમંદ, ફરાખીમંદ અને દલેર અમર્ગ રવાનને ચિન્વદ પુલ ઉપરથી તેઓ લઇ જાયછે. (૧૦) બહ્મન અમશાસ્પંદ ગુજરેલાંના તે અમર્ગ રવાન તરફથી (દાદાર હોર્મઝદની જનાબમાં અર્જ કરવા) નીકલે! (૧૧) અને (દાદાર હોર્મઝદની દરગાહના) દરવાજાની તકેદારી રાખનાર (તે અમશાસ્પંદ) તેને દાદાર હોર્મઝદ તથા અમશાસ્પંદો આગળ લઇ જાય! (૧૨) (રવાનને ચિન્વદ પુલ પસાર કરાવી બેહેશ્ત તરફ આઠ તથા નવમા ફકરામાં જણાવ્યા મુજબ લઈ જવામાં આવેછે ત્યારે તેને જોઇને) બહ્મન અમશાસ્પંદ પોતાનાં સોનેરી તખ્ત ઉપરથી ઉભા થાયછે, (૧૩) અને તેઓ તે અમર્ગ રવાનનો હાથ પકડેછે. (૧૪) દુનિયામાં જે કોઇ રામશની વાળાં તનનો તેમજ મોટો મરતબો પામેલો તથા ફરાખી આપનાર ડહાપણે પોહોંચેલો હોયછે, તે એ પ્રમાણેનું સુખ (બેહેશ્તમાં) મેળવેછે. (૧૫) ગુજરેલાંના તે અમર્ગ આત્માને (બેહેશ્તમાં તે દાખલ થાયછે એટલે) કદી કરમાય નહીં એવો, અને મઇધ્યોઝરેમ્ ગાહામ્બારના પવિત્ર હીંગામમાં તૈયાર થતા ખોરાકના જેવો, ખોરાક અશો ફરોહરો લાવી આપેછે. (૧૬) તેને તેઓ પ્રકાશીત ઝરેમય ખોરાકનો, પાણી, દારૂ, દુધ અને મધના ખોરાકનો, હીસ્સો આપેછે. (૧૭) તે (ખોરાક) રૂપેરી, સોનેરી, અને બીજા કોઇ રંગનો હોયછે. ગુજરેલાંના તે અમર્ગ રવાનને બહ્મન

અમશાસ્પંદ સોનેરી પોશાક પેહેરાવેછે તથા (બેસવા માટે) સોનેરી તખ્ત આપેછે. (૧૮) અને હારિમન તથા દેવો ગુજરેલાંના તે અમર્ગ રવાનને કાંઈ પણ દુખ કે હાની પોહોંચાડવાને તે પછી અશક્ત થાયછે. (૧૯) (ઉલટું તે અમર્ગ રવાન જે અશો માણસનું હોય છે તે) મરણ પામ્યા પછી તેના (તેની અશોઈના) પમરાતથી, જે પ્રમાણે વરૂથી ઘેરાયલું એક મેંઢું વરૂને જોઈને બીહેછે તે પ્રમાણે, પાપી અને બુરી સમજ ધરાવનારા દેવો ધ્રુજવા માંડે છે. વરૂઓના સપાતામાં કોઈ મેંઢું એકાએક આવી પડયા પછી વરૂના વાસથીજ જેમ તે મેંઢું ડરી જાય છે, તેમ તે અનોશે રવાનના પમરાતથી બુરા દેવ ધ્રુજે છે.

(૨૦) જનમી ચુકેલા અને જનમનારા દરેક માણસે ડહાપણથી બેહેસ્તનો હમબેહેરો હાંસલ કરી શંકાય એવાં કામ કરવાં જોઈયે, જેથી (આ ફાની દુનિયા છોડી જવા માટેનો) તેનો વખત આવે ત્યારે—દુનિયા છોડી ગયા પછી બેહેસ્તનો હમબેહેરો તે મેળવી શકે અને ઈનામમાં ગરોથમાન (તેનું મકાન) થાય. (૨૧) અને એ મહસુર જગાએ હોરમઝદે ઝરથોસ્તને કહ્યું: અયસ્પિતમાન ઝરથોસ્ત! રવાનને માટે જેમ સોહામણું શરિર તેમજ સારી પનાહ (આપનાર ગરોથમાન) મેં બનાવ્યું છે. (૨૨) જે કોઈ શક (જેવી બાબત) માં પણ અશોઈ કરતો રહેશે તે આ દુનિયામાં નામૂદારી ભરેલાં તન વાળો અને પેલી જેહાંનમાં પોતાનાં રવાન માટે સારી પનાહ પામનારો (થશે). (૨૩) અને અમારા જોવા તથા સાંભળવામાં આવેલું છે, કે એવા દીનદારનું રવાન તથા તન દાદાર હોર્મઝદને ખુશહાલ કરે છે, તથા હારીમનને રીબાવે છે. (૨૪) અને જે કોઈ પોતાને માથે ઉસ્તાદ ધરાવેછે (તથા જે કોઇ

ઉમદા ખાનદાનનો હોય છે) તેનાથી ફાયદો તથા રામશાનીનાં કામ નીપજેછે; પણ ઝીઆન કે બગાડ તેનાથી થતો નથી.

(૨૫) (રવાન બોલેછે:) ત્યારે, મરણને પાત્રનાં એ તન (એ માનવી)! મારે ખાતર મનમાં ભલા વિચાર કર—એટલા માટે, એ ફાની તન! મારે ખાતર તારે સારા વિચાર કરવા જોઇયે; (૨૬) મારે ખાતર, ત્યારે, મરણને પાત્રનાં એ તન! જુબાનથી નેક સુખન તારે ઉચારવા જોઇયે; (૨૭) ત્યારે, એ ફાની તન, મારે ખાતર બંને હાથ વડે નેક કામ તારે કરવાં જોઇયે. (૨૮) તે ગુનાહ ભરેલા, ધાસ્તી ઉપજાવનારા અને ભયંકર ખાડામાં, મોહતને પાત્રનાં એ તન! મને તું હોમાવતું ના, કે જે (ખાડા) દેવીને લગતા છે, જેમાંથી કાંઇપણ જોઇ શકાતું નથી, અને જેને મકિ નીપજાવનાર ગનામિનોએ પોતાના અંધારા, વાસ મારતા તથા દોઝખને લગતા મુલકને તળે બનાવેલા છે:—નારામાં, એટલે ભયંકર, ધાસ્તી ભરેલા, ઘણા જખમ કરે એવા, અંધારા અને જેમાંથી કાંઇપણ જણાય નહીં એવા, નારાકારક ખાડામાં એ ફાની તન! મને હોમાવતું ના, કે જે ખાડીમાં એટલું બધું અંધારૂં હોયછે કે ત્યાં માણસ પોતે પોતાનો હાથ પણ ઓળખી શકતો નથી, જે ખાડા બુરા ગનામિનોએ ઠગાઇથી અંધારા મુલકને તળે—દોઝખના ગારમાં બનાવ્યાછે.

(૨૯) તે મહસુર જગાએથી હોર્મઝદે ઝરથોશ્તને કહ્યું: (૩૦) એ સ્પિંતમાન ઝરથોશ્ત! સેતારા અને માહબો ખતાર અને ખોર્શેદ તથા રાતા અને બળતા આતશ અને સગ તથા પક્ષી તથા પાંચ પ્રકારનાં ગોસ્પંદ મેં પેદા કીધાં; પણ તે સઘળા કરતાં વધારે મરતબાવાળો અશો મરદને મેં પેદા કીધો, જેણે મારા તરફથી રાસ્ત અશોઇ અને ભલી દીનની

સેતાએશ કબુલ રાખી છે. (૩૧) પણ દેવના ઉત્પન્ન કરેલા હવસની નબળાઈ વગર અર્થે (જે માણસો) ધરાવેછે, તેઓ પોતાનાં કીસ્મતથી અજાણ્યાં રહેછે, (૩૨-૩૬) અને તેવી પોતાની નબળાઇથી તેઓ મોહોતની યાદ રાખતાં નથી તથા રસ્તા એજ અને તનના નાશ વિષે અંદેશો કરતાં નથી, પણ પોતાના હવસને લીધે હમેશાં સુના બાહવરાં, તથા હવસ તથા ખોટી આતુરતાને લીધે અનિશ્ચીત, બને છે, અને પોતાને હસ્તકની ચીજો પણ તેમને તેથી ઉપયોગી થઈ શકતી નથી ત્યારે, તેઓ બહુજ નિર્દય અને કીનાખોર બની જાય છે. (૩૭-૩૮) અને જુવાનીમાં તેઓ ગર્વથી ખુબ મસ્ત થયલા હોયછે પણ કયામતને દીવસે તેમને ખુબ પસ્તાવો થાય છે. (૩૯) અને જયારે એમ કહેવામાં આવેછે કે હકતકે શ્વર જમીન ઉપરનું તન મુરદું થવું જોઇયે ત્યારે, હરેક શખસે અંદેશો કરવો જોઇયે કે, શું હું તેવા તનવાળો છું? (૪૦) અને એ પ્રમાણે જ્યારે પોતાની બુદ્ધિ મારફતે તે જાણીતા થાય છે કે પેદા થયલું દરેક જણ મરવાનું છે, હસ્તી પામેલું દરેક જણ મરવાનું છે, તેજ પલે તેના ઉપર મોહોતનો દેવ ચોરના જેવાં પગલાંથી, ઠગાઇથી, ધસી આવે છે; (માટે એ માનવીઓ ચેતો, અને છેલ્લી ઘડી સુધી ઉંઘાઇ નહીં રહેતાં તમારી ફરજ અદા કરવાને ઉતાવળા ખીદાર થાવો, કારણ મોહોત તમારી ઉપર કયારે ધસી આવશે તે કહેવાઈ શકાતું નથી, અને એકાએક ધસી આવી તે તમારી આડે પડશે). (૪૧) (મોહોત જ્યારે આવીને ઉભું રહે છે ત્યારે તે અયાસી) માણસો અમર્ગોની મદદ મેળવવાની ઇચ્છા બતાવે છે, અને તે માણસો પોતાની (આ દુનિયામાંની) મુસાફરીના તોશા માટે ખા- હેશ કરે છે (એટલે કે છેલ્લી ઘડીએ પોતાના કીરતાર આગલ લઈ જવા માટેનો હદીઓ ભેગો કરવાની તેહેરોશ કરે

છે). (૪૨-૪૩) (દુનિયામાં કરેલી) એક મંજલ માટે તેઓ બે મંજલના જેટલા તોશા માટે ખાહેશ રાખે છે (એટલે કે તેઓએ એક કામ કર્યું હોય છે તો તે બે કામના અવેજના તે સાહેબની દરગાહમાં ગણાય એમ તેઓ ઇચ્છે છે); બે મંજલ માટે ત્રણ મંજલના તોશાની તેઓ ખાહેશ કરે છે, અને દશ રાતની મંજલ માટે પંદર રાતનો તોશો તેઓ ઇચ્છે છે. (૪૫) (પણ તે તેમની ખાલી ઇચ્છા છે અને તે પાર ઉતરી શકે એમ નહીં જોયાથી) મનમાં તેઓ વિચારે છે કે, જ્યારે તેઓ જીવતા હતા ત્યારે તો (પોતાની કોઇ મુશ્કેલીના વખતે) પોતાના ભલી સલાહ આપનાર મિત્રો તથા વડીલો અને ભાઇઓ પાસે (મદદ માટે) દોડી જતા હતા, (પણ હવે મોહોત પાસે આવીને ઉભું છે અને ફરજ તો બજાવી શકાઇ નથી, ત્યારે હવે કોણની પાસે મદદ માગવા જવું ?) (૪૬-૪૭) અને એ પ્રમાણે કશો ચારો પોતાના હાથમાં નહીં રહ્યાથી (નાચારીથી) તે માણસો (દુનિયામાંની) પોતાની મુસાફરીના તોશા માટે ઇચ્છા કરતાં નથી, અને તેઓને હમેશ સુધી કાંઇ પણ રાહત વગર ભટક્યા કરવું પડે છે.

(૪૮) મોહોતને પાત્રના માણસે શા માટે પોતાનાં ફાની તન; રવાન તથા ઓલાદ માટે દુખ ઇચ્છવું જોઇયે ? શા માટે તેણે દુનિયામાં મર્કી ઇચ્છવી જોઇએ ? શા માટે મોહોતને પાત્રનો માણસ ઇચ્છે છે કે તે ફાની તન નાશ પામે; તે તન હસ્તી ધરાવે નહીં ? શા માટે પોતાના રવાન માટે તે ઇચ્છે છે કે તે પાપી થાય? શા માટે પોતાની ઓલાદની નાબુદી તે ઇચ્છે છે ? દુનિયામાં મર્કી અને ગોસ્પંદોની નાબુદી તે કાં ઇચ્છે છે ? દરેક જણ મરણ પામે એવું ડહાપણ તે પોતાની બુદ્ધિથી એ પ્રમાણે કાં ખરચે છે. (૪૯) (એવો માણસ) પોતાની દયા ખાનાર સાથ પણ, ખચ્ચીત, ઘાટકી (થાય છે). તે એવો ઘાતકી છે કે

પોતાના રવાન ઉપર પણ દયા કરતો નથી; તેના ઉપર પણ તે મેહેરબાની કરતો નથી; તેના જેવા માણસ ઉપર બીજા કોઇથી પણ દયા કરી શકાતી નથી. (૫૦) જેઓ દીનના હુકમ પ્રમાણે દુનિયામાં ચાલતાં નથી, જીવતાંઓને ફાયદો કરતાં નથી (અથવા ઉપયોગી થતાં નથી) અને ગુજરેલાં (નીયાગાંનો)-ને યાદ કરતાં નથી, તેઓ સઘળાં બીઆબાન (જંગલ સરખા) થાયછે (યાને તેઓનું સત્યાનાશ વળેછે). (૫૧) એક દિવસે અથવા એક રાતે, ઓ સ્પિતમાન ઝરથોશ્ત! (તેઓમાંના દરેકને) અહીં આવવાનું છે. અય સ્પિતમાન ઝરથોશ્ત! એક દિવસે, એક રાતે (દરેકને) અહીં આવવા-નું છે: (તે વખતે) ઘરધણી તેનાં કુટુંબને અને કુટુંબ પોતાનાં ઘરધણીને તજી દેછે, તથા હવસી તનૂમાંથી રવાન છુટું પડેછે. (૫૨) પણ બુજોર્ગી ભરેલી, ભલી તથા નેક જીંદગીથી જે અશોઇ (પવિત્ર કામ) થાય તે, તે કરનાર માણસથી જુદી પડતી નથી (એટલે માણસ ગુજરતી વખતે પોતાનું સર્વસ્વ અહીં મેલી જશે, પણ તેણે કરેલાં નેક કામો તેની સાથેજ જશે). (૫૩) જીવતું તન (માણસ) દરરોજ વિચાર કરેછે (કે એમ કાં હશે) કે આવતી કાલનો દિવસ સુખ તથા ખુશહાલી ભરેલો થાયછે, તો [ત્રી] પછીનો દિવસ કંગાલયત ભરેલો નીવડેછે? જીવતું (એશો) તન હરરોજ એમ વિચારેછે (ઇચ્છેછે) કે (મારો) દરરોજ ફત્તેહસાથ પસાર થાય, (મારો) આવતો દિવસ એવો આવે કે હું સુખથી ભરપુર અને બળવંત થાઊં અને પાદશાહો મને આવકાર દે. (૫૪) પણ હરરોજ બુરી રોશ્ની (સમજ) વાળો માણસ ઉલટીજ દુવા માગેછે. તે ઇચ્છેછે કે તેને દેશવટો મળે, તેને ગરદન મારવામાં આવે, તેની દોલત પાદશાહને સ્વાધીન થાય; જીવતું તન હરરોજ તે પક્ષીનો ખોરાક થાય, કે જે આકાશ તરફ ખાલી જગામાં

ઉડેછે. (૫૫) ઉલટી રીતે ચાલવાથી (પાપ કરવાથી) દુનિયા નાશથી ભરેલી થાયછે (એટલે દુનિયામાં જે નાશ થાયછે તેનું કારણ તેમાં થતાં પાપ છે). (૫૬) આંધળાપણે ચાલવાથી (એટલે ખરો માર્ગ તેમની નજર આગળ ઉઘાડો છતાં આંખ બંધ કરીને ચાલવાથી) ઘણાઓ દર્વંદ (પાપી) બનેછે. ઘણાં માણસો આંધળાપણે ચાલીને આંધળા બનેછેઃ તેઓ ખરચીત મુર્દાં સરખા હોયછે પણ તેમનું મરણ તો લાંબે વખતે નીપજે છે (એટલે કે જાણી જોઇને આંધળા રેહેવાથી તેઓ ઘણાજ કંગાલ બનેછે અને લાંબી મુદત સુધી તેનાં કડવાં ફળ તેમને ચાખવાં પડેછે યાને તેમને રીબવું પડેછે).

(૫૭) વળી અહુરમઝદએ કહ્યુંઃ (મોહોતનો દેવ) અસ્તો વીધોતુશ ઘાત નીપજાવનારો પેદા થયલો (છે) અને (પેદા થયલી કોઇ પણ જાનદાર ચીજથી) દુર કરી નહી શકાય એવો (તે છે યાને કોઈ પણ પ્રાણી તેના સપાતામાં આવ્યા વગર રહેવાનું નથી). હોર્મઝદે તેને (અશો ઝરથોસ્તને) કહ્યુંઃ મોહતને લાયકનાઓની ઘાત નીપજાવવાને અસ્તિવિહાદ (મોહોતનો દેવ) પેદા થયલોછે— મોહોતને લાયકનાંઓ તેને જ્યારે જોયછે ત્યારે એટલાં બધાં બીહેછે કે આ દુનિયામાં તે દેવની સામે થવાને તેઓ અશક્ત થઇ પડેછે. ઉપરથી હુકમ મળતાં (મોહોતને લાયકનાંઓને લાવવા માટે) છુપ્યો તે અહીં આવેછે. (૫૮) મોહોતને લાયકનાં માણસોમાંથી કોઈ પણ તેના (હાથમાં)થી બચી શકતું નથીઃ અત્યારસુધીમાં કોઈ પણ તેના (હાથમાં)થી બચી શક્યું નથી અને આવતી લાંબી મુદત સુધી (યાને રસ્તા ખેજ થઈ ફ્રષોકરદ થાય અથવા સોશ્યોશ આવે ત્યાં સુધી) કોઈ પણ પોતાનો છુટકો કરી શકવાનું નથી. (૫૯) નહીં દીનના પેશ્વાઓ, નહીં પાદશાહો, નહીં (દુનિયાને) ફાયદો કરના-

રાઓ કે નહીં (દુનિયાને) ગેરફાયદો કરનારાઓ (તેના હાથમાંથી છુટકો મેળવી શક્યા, કે હવે પછી રસ્તાએજ સુધી મેળવવાના): નહીં એવર્દો (યાને ઓબેદાંન ઓબેદો), નહીં દેહવદો (યાને શાહાનશાહો), નહીં (દુનિયાને) ઉપયોગી થવાની કોશેશ કરનારાઓ કે નહીં (દુનિયાને) ફાયદો કરવાની કોશેશ નહીં કરનારાઓ (તેનાથી છુટકો પામ્યા કે પામવાના.) (૯૦) નહીં (આકાશ તરફ) ઊંચે ઉડનારાઓ કે (જમીનની) નીચે તળે રહેનારાઓ (તેનાથી છુટકો પામી શકતા;) પુષ્કળ પાદશાહી દોર અને બળ ધરાવનાર (કયાની પાદશાહ) કયકાઉશની માફક આકાશ તરફની ખાલી જગામાં ઊંચે જેઓ ઉડેછે અથવા ફરેછે, તેઓ પણ મોહોતના દેવથી છુટકારો મેળવવાને શક્તિવાન થતા નથી. (૯૧) જમીનને તળ્યે હજાર માણસો જેટલો ઊંચો અને સો સ્થંભો સાથનો મેહેલ બંધાવનાર તુર્કિ (તુરાની પાદશાહ) અફ્રાસ્યાબની પેઠે જમીનની નીચે ઊંડાણમાં જનારાઓ—જમીનની નીચે ઊંડાણમાં છુપાઇ બેસનારાંઓ (પણ) નહીં (મોહોતના દેવથી છુટકો મેળવી શકતાં.) (૯૨) (અફ્રાસ્યાબના બનાવેલા) તે મેહેલમાં સેતારા, માહબોખ્તાર તથા ખોર્શેદના (જેવી રોશાનીના) નમુના જોવામાં આવેછે, કે જેમાંથી ત્યાં રોશાની પ્રકાશેછે; (૯૩) અને તે મેહેલમાં (રહીને અફ્રાસ્યાબ) પોતાની ઇચ્છા મુજબનું કરવામાં ખુશી (ફત્તેહ) મેળવતો; (૯૪) ત્યાં તે પ્રાંણીજ સારી રીતે જીંદગી ગુજારતો હતો; (૯૫) વળી જાદુના હુન્નર ઉપર ઉસ્તાદી ભોગવવા જેવી સ્થિતીમાં તે હતો, પણ તેખી અસ્તિવિહાદના પંજામાંથી છટકવાને શક્તિવાન થયો નહીં હતો. (૯૫) તેમજ દહાકની પેઠે, આ પોહોળી ગોળ અને પાર કરવાને મુશ્કેલ પૃથ્વીમાંથી ખોદી કહડાયલી, કોઇપણ ચીજ નહીં મોહોતના

દેવના સપાતામાંથી છુટકો મેળવી શકતી; (૬૭) જે (દહાક) પૂર્વેથી પશ્ચિમ સુધી આખી પૃથ્વી ઉપર ફર્યો હતો, અને મોહોતથી છુટકો મેળવવાનો ઉપાય તેણે શોધ્યો હતો, પણ તે તેને મળી શક્યો નહીં હતો; (૬૮) તે (દહાક) એટલો જોરેમંદ હતો કે જોર ઉપર ગોયા સરદારી ભોગવતો હતો, પણ તેભી મોહોતના હાથથી છુટકો મેળવી શક્યો નહીં હતો. (૬૯) ફરશોકરન કરનાર સોશ્યોસ આવે તે આગમચ, સોશ્યોસ આવશે નહીં ત્યાં સુધી, અસ્તિવિહાદ (મોહોતના) દેવના હાથથી કોઇપણ છુટકો મેળવી શકવાનું નથી.

(૭૦) જે કોઇની આગળ અસ્તિવિહાદ (મોહોતનો દેવ) જાયછે, તેની આગળ તે છુપી રીતે અને ઠગબાજીથી જાયછે; (૭૧) બક્ષીસ કે દરૂદ (યાને ઉપકાર કોઈની પણ પાસેથી) તે લેતો નથી. (૭૨) નેકી તે કરતો નથી; (૭૩) અને નિર્દયપણે માણસોનો નાશ તે કરેછે. (૭૪) આ રોશનીવાલી (દુનિયા બનિરથ) માંથી માણસને તે આગળ નહીં ગયલો એવા રસ્તા ઉપર જવું પડશે; (૭૫) આગળ તેણે કદી નહીં જોયલો રસ્તો તેને જોવો પડશે; (૭૬) અને ત્યાં તે માણસને સવાલ જવાબ (કરવા પડશે યાને પોતાના કરતુકનો હીસાબ આપવો પડશે) અને (કોઇપણ પ્રકારે) ઠગાઈ કરવાને યા ફરેબ આપવાને તે શક્તિવાન નહીં થશે. (૭૭) માણસ તે રસ્તો વટાવવાને શક્તિવાન થાયછે કે જેમાં વચ્ચોવચ્ચ મૂળ આગળથી વેહેતી નદી આડી પડેલી હોયછે, પણ નિર્દય વાયુ અથવા મોહોતના દેવનો સપાત રસ્તો માણસથી એકલાથી વટાવી શકાતો નથી, યાને મોહોતને ચુકાવવાને કોઈ માણસ શક્તિવાન થતો નથી. માણસ તે રસ્તા ઉપર પોંહોંચી તથા ફરી શકે છે કે જે ઉપર ઉંડી, મૂળ આગળથી વેહેતી, અને ઘણાજ બુલંદ કદની નદી આડે પડેલી હોયછે; પણ નિર્દય વાયુનો રસ્તો માણસથી એકલાથી વટાવી શકાતો

નથી. (૭૯) માણસ તે રસ્તો વટાવવાને શક્તિવાન થાયછે કે જ્યાં ગોધાના કદનો, ઘોડાને મારનાર, માણસને મારનાર, માણસનો નાશ કરનાર, નિર્દય અઝદાહ આડો પડેલો હોયછે; પણ નિર્દય વાયુનો સપાત રસ્તો તેનાથી એકલાથી વટાવી શકાતો નથી. માણસ તે રસ્તા ઉપર પોહોંચી તથા ફરી શકેછે કે જે ઉપર ગોધાના કદનો, ઘોડાને મારનાર, માણસને મારનાર, માણસનો નાશ કરનાર, નિર્દય સાપ આડો પડેલો હોયછે; પણ નિર્દય વાયુનો રસ્તો માણસથી એકલાથી વટાવી શકાતો નથી. (૭૯) માણસ તે રસ્તો વટાવી શકે છે કે જે ઉપર કદી થાકે નહીં એવો અને નિર્દય રીંછ આડો પડ્યો હોય છે; પણ નિર્દય વાયુનો સપાત રસ્તો તેનાથી એકલાથી વટાવી શકાતો નથી. તે રસ્તા ઉપર માણસ પોહોંચી તથા ફરી શકે છે કે જેની આડે કાળા રંગનો પણ સફેદ ચેહેરાવાળો અને માણસને મારનાર નિર્દય રીંછ આડો પડેલો હોય છે; પણ નિર્દય વાયુનો રસ્તો તેનાથી એકલાથી ઓલંગાવાતો નથી. (૮૦) માણસ તે રસ્તો ઓળંગી શકે છે કે જે ઉપર ખુની તથા નિર્દય લુટારો આડો પડેલો હોય છે; પણ નિર્દય વાયુનો સપાત રસ્તો તેનાથી એકલાથી ઓલંગાવાતો નથી. માણસ તે રસ્તા ઉપર પોહોચી તથા ફરી શકે છે કે જ્યાં ખુની લુટારો આડો પડેલો હોય છે, જે તે રસ્તા ઉપર એકલોજ રહે છે અને કોઈને પણ ત્યાંથી જીવતો પસાર થવા દેતો નથી; પણ નિર્દય વાયુનો રસ્તો તેનાથી એકલાથી પસાર કરી શકાતો નથી. (૮૧) તે રસ્તો માણસ ઓલાંગી શકે છે કે જ્યાં બળવંત અને કપટી લશ્કર આડું પડેલું હોય છે, પણ નિર્દય વાયુનો સપાત રસ્તો તેનાથી એકલાથી ઓલંગાવાતો નથી; તે રસ્તા ઉપર માણસ પોહોંચી તથા ફરી શકે છે કે જે ઉપર ઉંચા ભાલા ઉઠાવનાર બળવંત (દેવોનું) લશ્કર આડે પડેલું હોય

છે, જે એઓ માણસોને જખમી કરવા માટે ભાલા રાખે છે; પણ નિર્દય વાયુનો રસ્તો તેનાથી એકલાથી વટાવી શકાતો નથી.

(૮૨) દર્વંદ (યાને બુરો માણસ) જેમ એક ગાયને મેલવવાની કોશેશ કરે છે તેમજ ઘોડાને તથા મેંઢાના ટોળાંને મેલવવાની કોશેશ તે કરે છે. ગાયને, ઘોડાને તથા મેંઢાના ટોળાંને (મારફાડથી તથા બીજી બદીથી પોતાના ખોરાક તરફે તથા બીજાં કામ માટે) દર્વંદ માણસ મેળવી શકે છે, પણ અશોઈનો (નેકીનો) જથો (અથવા ખોરાક) તે જુલમગાર દર્વંદથી મેળવી શકાતો નથી. (૮૪) ગાય બાકી વસ્તુ છે, ઘોડો બાકી વસ્તુ છે, સોનું રૂપું બાકી વસ્તુ છે; ઘોડે બેસનાર બહાદુર માણસ (પણ) બાકી વસ્તુ છે. ગાય (આખેરે) બાક થાય છે, ઘોડો બાક થાય છે, સોનું રૂપું બાક થાય છે, અને પેહેલવાન તથા ચાલાક માણસ બાક થાય છે; સઘળાં માણસોનું તન બાક થાય છે: પણ તે એક બાક થતો નથી કે જે મરદ દુનિયામાં અશોઈની વખાણ ગાય છે (યાને નેકી કરે છે) અને (પોતાની શક્તિ પ્રમાણે) અશો મરદોને આશીર્વાદ આપતો રહે છે.

(૮૫) મોહોતની સામે બચાવનો ઉપાય જો કોઈએ ધરાવ્યો હોય, અથવા ઉપાય ધરાવવાનું બનવા જોગ કોઈને માટે હતું, તો દુનિયામાં પેહેલવેહેલો (તે ઉપાય ધરાવનારો માણસ) બળવંત પાદશાહ ગયોમર્દ હતો, (૮૬) જેણે ત્રણ હજાર વરસ સુધી મોહોત અને બુઢાપાથી, ભુખ તથા તરસથી દુનિયાને મોકલી રાખી હતી; (૮૭) તેની ઉપર પણ (આખેરે) મોહોત પોંહોંચ્યું હતું, તેણે પોતાનું તન (તેને) આપ્યું હતું, અને પોતાનાં મોહોતની સામે લડવાને તે શક્તિવાન થયો નહીં હતો.

(૮૮) અથવા (બીજો એવો દાખલો) પાદશાહ હોશંગ (નો લેવો જે) પેશ્દાદયન વંશનો હતો, જેણે હારિમનની તમામ પેદાએશના બે તૃત્યાંસ ભાગનો નાશ કર્યો હતો. (૮૯) તેની ઉપર પણ (આખરે) મોહોત પોહોંચ્યું હતું, તેણે પોતાનું તન (તેને) આપ્યું હતું અને પોતાનાં મોહોતની સામે લડવાને તે શક્તિવાન થયો નહીં હતો.

(૯૧) અથવા (ત્રીજો એવો દાખલો) પાદશાહ તહમુરસ (નો લેવો જે) વીવન્ઘહનનો છોકરો (થતો હતો અને જે) હથીઆરબંધ થયલો હતો, જેણે દેવોના દેવ ગનામઇન્યુને પોતાનું ભારબરદારી જાનવર બનાવ્યો હતો (એટલેકે હારીમનની પીઠ ઉપર તેણે સ્વારી કરી હતી), અને તેની પાસેથી સાત પ્રકારનો લખવાનો ઈલમ તેણે બહાર મેલ્યો (યાને શિખી લીધો) હતો; (૯૩) તેની ઉપર પણ (આખરે) મોહોત પોંહોંચ્યું હતું, તેણે પોતાનું તન (તેને) આપ્યું હતું અને પોતાનાં મોહોતની સામે લડવાને તે શક્તિવાન થયો નહીં હતો.

(૯૪) "અથવા (ચોથો એવો દાખલો) પાદશાહ જમશેદ (નો લેવો જે) બોરેહમંદ, નેક ટોળાંવાળો વીવન્ઘહનનો છોકરો હતો, જેનાં (સીનામાંનાં) બોરેહમાંથી રોશની પ્રકાશતી હતીઃ નેક ટોળાનો સર્દાર તે હતો. અને માણસો તથા ગોસ્પંદોનાં ટોળાંને તેણે તનદરોસ્ત રાખ્યાં હતાંઃ (૯૫) તેણે છસો વરસ છ મહિના અને તેર દિવસ સુધી દુનિયાને મોહોત તથા બુધાપાથી મોકલી રાખી હતી, તથા હોર્મઝદની પેદાએશથી દરેક પ્રકારના હવસને દુર રાખ્યા હતા; (૯૬) તેની ઉપર પણ (આખરે) મોહોત પોહોંચ્યું હતું, તેણે પોતાનું તન (તેને) આપ્યું હતું અને પોતાનાં મોહોતની સામે લડવાને તે શક્તિવાન થયો નહીં હતો.